## આપનું સપ્તાહ કેવું જશે? તા.૨૭/૦૪/૨૦૨૬ થી તા.૦૩/૦૫/૨૦૨૬ સુધી

લેખક: જ્યોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in

**મેષ (અ.લ.ઇ.)** ચાલુ વીકમાં કેરીયર વગેરે બાબતમાં મહત્ત્વના ફેરફાર થશે. મહત્ત્વના પ્રોજેક્ટમાં જવાબદારી મળે. નવા રોકાણમાં માર્ગદર્શન લેવું. શેર બજારમાં ધીરજ રાખવી. વિદ્યાર્થીઓને મદદ મળે. નોકરી વગેરેમાં હરીફોની હેરાનગતિ સતાવે. સરકારી નોકરીની શકયતા રહે. વિજાતિય મિત્રો સાથે વ્યવહારમાં સાવધાની રાખવી. આરોગ્યના પ્રશ્નો અને ખર્ચા વધશે. પ્રેમવિવાહની ઓફર આવે. પરિવારનો સાથ મળે.આવક વધશે.

**વૃષભ (બ.વ.ઉ.)** ચાલુ વીકમાં કાર્યસ્થળ પર નવા ફેરફાર થાય અને નવું શીખવા મળે. આવક વધારવાની યોજના સફળ રહે. નવાં ઘર, મકાન બાબતે પ્રગતિ થાય. વિદ્યાર્થીઓને અનુકૂળ વાતાવરણ મળવાથી પરીક્ષામાં સકારાત્મક પ્રગતિ થાય. પ્રેમમાં સરપ્રાઈઝ મુલાકત કે ભેટ મળે. જૂનાં મિત્રોને મળવાનું બને. સંતાનોના પ્રશ્નો હલ થાય. આર્થિક પ્રગતિ થાય. નવાં રોકાણ થાય. આરોગ્ય નરમ રહે. સામાજિક સમારોહમાં સંબંધો મજબૂત બને.

**મિથુન (ક.છ.ઘ.)** સપ્તાહ દરમિયાન કેરીયર બાબતે મહત્ત્વની સફળતા મળે. ઇનામ મળે. પરીક્ષામાં સફળતા મળે. લાંબા સમયથી અટકેલાં કામ અને પ્રોપર્ટી વગેરેના સોદા પાર પડશે. નવાં ઘર, ઓફિસની યોજનામાં પ્રગતિ થાય. ઇન્ટરવ્યુ કે હરીફાઈયુકત પરીક્ષામાં સફળતા મળે. પ્રેમમાં સકારાત્મક બદલાવ અને મિલન મુલાકાત થાય. અચાનક આર્થિક લાભ થાય. નોકરીમાં પગારવધારો થઇ શકે.

**કર્ક (ડ.હ.)** સપ્તાહ તમારી વ્યવહારકુશળતા બૌદ્ધિક પ્રદર્શન માટે મહત્ત્વનું રહેશે. આત્મવિશ્વાસ વધે તેવાં કામ પાર પડે. બીજાને પ્રેરણા મળે તેવા વિચારો વ્યક્ત થાય. વિદ્યાર્થીઓની મહેનતનું ફળ જોવા મળે. નોકરીની શોધ પૂર્ણ થાય. પોતાના વેપાર-વ્યવસાયને વિસ્તારવાની તક મળે. નવા સંબંધોથી લાભ થાય. પ્રોપર્ટીના સોદા અને વારસાના કામમાં પ્રગતિ થાય. પ્રેમ પ્રકરણમાં હકારાત્મક વળાંકથી ઉત્સાહ વધે.

**સિંહ (મ.ટ.)** ચાલુ વીકમાં સામાજિક જીવનમાં પ્રભાવ વધશે. નોકરીમાં નવા ફેરફારથી નોકરીમાં પ્રમોશન મળે. પરિવારના કામમાં મહત્ત્વની મદદ મળે. આર્થિક બાબતે યોગ્ય પ્લાનિંગથી નવાં રોકાણ લાભદાયક રહે. પરિવારમાં વિવાહલાયકના વિવાહ થાય. વારસા બાબતે પ્રગતિ થાય. ખાણી-પીણી તથા મોજશોખ ધંધામાં લાભ થાય. દલાલી, શિક્ષણ, ટેકનોલોજી, પ્રવાસનાં કામ પાર પડશે. નવાં ઘર, ઓફિસ, જમીન બાબતે પ્રગતિ થાય.

**કન્યા (પ.ઠ.ણ.)** ચાલુ વીકમાં પારિવારિક પ્રશ્નો સતાવે. કોર્ટ-કચેરીમાં વિલંબ થાય. વિદેશનાં કામમાં મદદ મળે. વિશ્વાસઘાતથી બચવું. સમાજમાં માન મળે. અટકેલા કામમાં ગતિ આવે. રોમેન્ટીક મુલાકાત થાય. દાંપત્યજીવનમાં અશાંતિ પેદા થાય. નોકરી માટે નવી તક ઊભી થાય. પારિવારિક ધંધામાં મતભેદ છતાં આર્થિક પ્રગતિ થાય. મોજશોખ, ખાણીપીણીમાં ધંધામાં આવક વધે. ટેકનોલોજીને લગતાં કામમાં પ્રગતિ થાય.

**તુલા (ર.ત.)** સપ્તાહ પ્રેમજીવન માટે ઉત્સાહજનક રહેશે.ભેટ સોગાદથી આત્મવિશ્વાસ વધે. વિદ્યાર્થીઓને નવું શિક્ષણ મળે. નોકરી ધંધાર્થે પ્રવાસમાં મિલન મુલાકાત થાય. અંગત જીવનમાં રસિક અને યાદગાર ઘટના ઘટશે. લાગણીઓ પર કાબૂ રાખવો. પોતાના કામને પ્રાધાન્ય આપવું. માર્કેટીંગ, શિક્ષણ, દલાલી અને પ્રવાસને લગતાં કામમાં સફળતા મળે. આત્મવિશ્વાસ વધે તેવાં કામ થાય.

**વૃશ્ચિક (ન.ય.)** સપ્તાહ રચનાત્મક કામની સફળતાવાળું રહેશે. શુભ સમાચાર આત્મવિશ્વાસ વધારશે. તમારા નવા વિચારો નવા અવસર પેદા કરશે. વિદ્યાર્થીઓને નવું શીખવા મળે. આર્થિક રોકાણ થાય. મિત્રો સાથે સામાજિક કામ થાય. પ્રેમવિવાહની ઓફર આવે. નવા શેર બજારનાં રોકાણ લાભદાયક રહે. વિદેશના કામમાં મદદ મળે. વિશ્વાસઘાતથી સાવધાન. યાત્રા-પ્રવાસમાં સાવધાની રાખવી.

**ધન (ભ.ધ.ફ.ઢ.)** સપ્તાહ નવું શીખવા અને કાયદા કાનૂન બાબતે અનુકૂળ રહેશે. પ્રવાસ પર્યટન, શિક્ષણને લગતાં કામ થાય. સમાજજીવનમાં પ્રભાવ વધશે. લોકોનો સાથ મળવાથી આત્મવિશ્વાસ વધશે. સરકારી કામ પાર પડે. રાજકારણમાં ચડતીપડતી રહે. પ્રેમમાં સાથ મળે. વિદ્યાર્થીઓને મદદ મળે. શેરબજારમાં ધીરજ રાખવી. નવી ટેકનોલોજીથી લાભ થાય. ધાર્મિક પ્રવાસ થાય. ખર્ચા વધશે.

**મકર (ખ.જ.)** સપ્તાહ દરમિયાન આર્થિક વ્યવહાર અને લેવડદેવડમાં સાવધાન રહેવું. સરકારી કામમાં મદદ મળે. ધાર્મિક સાહિત્ય, યાત્રા અને ઉચ્ચ શિક્ષણને લગતાં કામ સરળ બનશે. કુટુંબની જવાબદારી વધે. લાગણી પર કાબૂ રાખવો. વિદ્યાર્થીઓને આધુનિક શિક્ષણ મળે. શેર બજારમાં મદદથી નવાં રોકાણ સરળ બનશે. અચાનક જૂનાં મિત્રોને મળવાનું બનશે.

**કુંભ (ગ.સ.શ.ષ.)** ચાલુ વીકમાં કુટુંબ, સમાજ વગેરેની જવાબદારી વધશે અને મહત્ત્વના કામમાં વિલંબ થાય. માટે સંતુલન રાખવું. પરિવારમાં તાલમેળથી રોજનાં કામ સરળ બનશે. આરોગ્યને લગતાં કામ થાય. પડવા -વાગવાથી સાવધાન રહેવું. પ્રેમવિવાહમાં મદદ મળે. વિદેશનાં કામ થાય. ધાર્મિક સાહિત્ય અને તીર્થયાત્રાને લગતાં કામમાં લાભ થાય. ઉચ્ચ કક્ષાનાં લોકોને મળવાનું બને. આવક વધશે.

**મીન (દ.ચ.ઝ.થ.)** સપ્તાહ આરોગ્ય બાબતે અનુકૂળ રહે. યોગ્ય નિદાનથી સમસ્યાનું સમાધાન થાય અને નોકરીમાં ઉત્સાહજનક કામ કરવાની તક મળે. પ્રમોશન મળી શકે છે. વિજાતિય આવેગ પર કાબૂ રાખવો. સમાજમાં માન મળે. ઉંમરલાયકને યોગ્ય પાત્ર મળે. કોર્ટ-કચેરીનાં કામ થાય. સરકારી કામમાં પ્રગતિ થાય. નોકરીમાં લાલચથી બચવું. ધાર્મિક પ્રવાસ થાય. ઉચ્ચ કક્ષાનાં લોકો મળે.

# મુજતબા ખામેનેઇ ઈરાનના સર્વોચ્ચ નેતા



08-03-2026 થી પોતાના પિતાની હત્યા પછી ઇરાનના સર્વોચ્ચ નેતા મોજતબા ખામેનેઇ નિમણૂક થઇ ત્યારથી અત્યાર સુધી દુનિયાની સામે સાર્વજનિક રૂપથી આવ્યા નથી અને કોઇ ચોક્કસ માહિતી પણ નથી. રીપોર્ટસ અનુસાર ઘાયલ અને કોમામાં હોવાની ખબર છે. તેમની સ્થિતિ સારી ન હોવાની અટકળ પણ છે.

મેદનીય જયોતિ પ્રમાણે તેમની કુંડલી વૃશ્ચિક લગ્નની આવે છે. મંગળના ઘરનું લગ્ન લડાયક અને ડંખીલા સ્વભાવનું આક્રમક તથા રાત્રી બલી હોવાથી પડદા પાછળ રહીને કામ કરવાની વૃત્તિ ધરાવે છે. સ્વભાવે ઉગ્ર અને લડાયક અને દેખાવે હિંમતવાન અને સાહસિક હોય પણ અંદરથી ડરપોક હોય છે, તેનું કારણ લગ્ન જળ તત્ત્વનું અને સ્વામી મંગળ અગ્નિ તત્ત્વનો વિરોધાભાસી હોવાના કારણે ગુપ્ત રીતે કામ કરવામાં ખૂબ જ ચાલાક હોય છે પણ મોજતબા ખામેનેઇના મંગળ આત્મકારક છે અને દેહભુવનમાં બળવાની અવસ્થાનો છે અને આગ, અકસ્માત, લડાઈ કે યુદ્ધ વગેરેમાં ઘાયલ થવાના યોગ કરે છે અને શરીરમાં માથા કે ચહેરાના ભાગમાં ઇજાનું કાયમ નિશાન રહે તેવી દુર્ઘટનાના ભોગ બનવાનો યોગ કરે છે.

આત્મકારક ગ્રહ-કુંડલીમાં સૌથી મહત્ત્વપૂર્ણ ગ્રહ માનવામાં આવે છે. કોઇ પણ જાતકની કુંડલીમાં સૌથી વધુ અંશ ડીગ્રી (Degree)નો ગ્રહ આત્માનું સૂચન કરે છે. આત્મકારક ગ્રહ વ્યક્તિના જીવનના મુખ્ય ઉદ્દેશ, ઇચ્છાઓ જન્મ લેવાનો મુખ્ય હેતુ અને પૂર્વ જન્મોનાં કર્મો અને આધ્યાત્મિક વિકાસ વગેરે દર્શાવે છે. મોજતબા ખામેનેઈનો મંગળ આત્મકારક અને સૌથી બળવાન છે. તે હિંસા અને અહિંસાનું અધ્યયન કરાવીને ન્યાય માટે લડવાની તાકાત આપે છે. સાહસ અને ઊર્જાને સાચી દિશામાં ઉપયોગી કરવાની શક્તિ આપે છે. આત્મકારક ગ્રહ આત્માનો ઉદ્દેશ, પૂર્વ જન્મોનાં કર્મો અને વાસ્તવિક સ્વભાવનું સચોટ નિર્દેશન કરે છે.

ઘણી કુંડલીમાં જન્મની કુંડલીમાં જે સ્થળ રીતે દેખાય છે તેનાથી તદ્દન વિરોધ તેના જીવનમાં બનતું જોવા મળે છે અને કુંડલીનું ફળકથન ખોટું પુરવાર થાય છે. તેનું કારણ આત્મકારક ગ્રહને નજરઅંદાજ કરવામાં આવે છે, **તે મુજતબા ખામેનેઈની વૃશ્ચિક લગ્નની કુંડલીમાં પાપ અને ક્રૂર ગ્રહો અતિ બળવાન સ્થિતિમાં છે. મંગળ લગ્નમાં અને ચોથે રાહુ તથા દશમે સૂર્યકેતુનો કેન્દ્રયોગ, યુદ્ધમાં ઘાયલના યોગ કરે છે. સાથે હાથમાં કામને કોઇ પણ ભોગે પૂર્ણ કરવાની શક્તિ આપે છે.** લગ્નનું મંગળ છઠ્ઠાનો પણ માલિક છે અને છઠ્ઠે નીચનો શનિ પણ બળવાન છે. સાથે આઠ આયુષ્યભવ અને બારમું-હોસ્પિટલ -નુકસાન-હાનિના ભાવનો માલિક બુધ શુક્ર પણ બળવાન છે માટે યુદ્ધમાં મંગળ-રાહુ-ઘાયલ કરે છે. સારવાર મળી રહેવાથી રક્ષણ થાય. શનિ અગ્નિ તત્ત્વની મેષ રાશિમાં છે. સૂર્ય પણ પોતાની સ્વરાશિમાં અગ્નિ તત્ત્વમાં છે માટે યુદ્ધમાં અગ્નિ વગેરેની ચોટથી નુકસાન થાય. પણ દેહભુવનનો સ્વામી મંગળ પોતાના ઘરમાં હોવાથી શરીરનું રક્ષણ જરૂર થાય. **મંગળ ભયંકર અકસ્માત કે કોઇ પણ રીતે ઘાયલ થવાના પોતાની સાથે રક્ષક પણ બને છે. માટે ઘાયલ જરૂર થાય પણ જીવ બચવાની શકયતા વધુ છે.**

**મુજતબા ખામેનેઇની કુંડલીમાં મંગળ પછી સૂર્યની સ્થિતિ પણ મજબૂત અને બળવાન છે.** દસમે પોતાની સ્વરાશિમાં કેતુ સાથે હોવાથી પિતાનો ભવ્ય આધ્યાત્મિક અને સત્તાનો વારસો અચાનક મળ્યો. 28-02-2028 પિતાની હત્યા વખતે જન્મના રાહુ પરથી સૂર્ય-મંગળ બુધનું ભ્રમણ હતું. સૂર્ય પૂર્ણ રીતે પીડિત હતો. રાહુના નક્ષત્રમાં રાહુ પણ રાહુના નક્ષત્રમાં જન્મનાં સૂય4 સામેથી આ યોગ પસાર થતો હતો અને **08-3-26ના દિવસે પણ ગ્રહોની આ જ સ્થિતિ હતી. આમ અચાનક જીવનમાં સફળતા અને નિષ્ફળતાનો સામનો કરવાના યોગ હતા જ. કેન્દ્રમાં બળવાન બનતા સૂર્યે રાજસત્તા આપી પણ પીડિત હોવાથી પોતાને અને પ્રજાને પીડા અને ખૂનામરકીનો સામનો કરવાનું પણ આપ્યું.** સૂર્ય જીવનદાતા ગ્રહ છે. માટે તેમનું રક્ષણ થયું છે. સૂર્ય દશમે ને દિશા બળ મળતું હોવાથી પ્રાણની રક્ષા કરે છે તેમજ કેરીયરને સફળતા તરફ લઇ જાય છે અને દવા વગેરેની રોગ કે માંદગીમાં જલદી અસર કરનાર બને છે.

ચંદ્ર પણ જીવનદાતા ગ્રહ છે. કુંડલીમાં જયારે સૂર્ય-ચંદ્રની સ્થિતિ શુભ હોય અને મારકેશ સાથે સંબંધમાં હોય તો મોટા ભાગે આયુષ્યનું રક્ષણ થાય છે. તેમજ પ્રાણઘાતક અકસ્માત કે રોગથી બચવાની શકયતા રહે છે. 27-08-2025 થી 27-08 2030 સુધીની ભાગ્યમાં રહેલ ચંદ્રની મીઠા દશા ચાલે છે. સાથે અંતરદશા 27-06-2026 સુધીની ચંદ્રની છે. ચંદ્રની સ્થિતિ શુભ છે. પણ ચંદ્રની યુતિ ભાગ્યમાં મારકેશ શુક્ર સાથે છે. શુક્ર બારમાનો અને સાતમાનો માલિક છે. બારમું સ્થાન હોસ્પિટલ રોગની સારવાર વગેરેનું અને સાતમું મૃત્યુનું કે આયુષ્યનું છે. શુક્ર ચંદ્ર સાથે ગંડાત યુક્ત છે. **તા. 12-06-2026 સુધીની શુક્રની ચંદ્રમા પ્રતિ અંતરદશા છે. આ સમય થોડો ચિંતાજનક કહેવાય પણ ભાગ્ય બળવાન બને છે.** ઉપરાંત બારમે શનિની ઉચ્ચ દૃષ્ટિ છે. જે યોગ્ય સારવારના યોગ કરે છે. મુજતબાની કુંડલીમાં ગુરુ અને શુક્ર પ્રબળ મારકેશ છે. એ રીતે તા. 23-11-2025 થી તા. 03-01-2026 ગુરુની ચંદ્રમા પ્રતિ અંતરદશા હતી. આ સમય પણ ઘાતનો હતો અને તે પણ ભયંકર રીતે પસાર થઇ ગયો. 20-02-2026 થી તા. 04-04-2026નો અષ્ટમેશ આયુષ્યના કારક બુધનો હતો. બુધ મૃત્યુતુલ્ય પરિસ્થિતિ પેદા કરે પણ બચાવી લે છે અને 12-06-2026 મારકેશ શુક્રનો સમય છે પણ ચંદ્ર રક્ષક બને છે.

**મોજતબા ખામેનેઈનો મંગળ આત્મકારક અને સૌથી બળવાન છે. તે હિંસા અને અહિંસાનું અધ્યયન કરાવીને ન્યાય માટે લડવાની તાકાત આપે છે**

# પાટણમાં મતદાન દરમિયાન વૃદ્ધાનું હાર્ટ એટેકથી મોત

## આણંદમાં મતદાન બુથ પર ફરજ દરમિયાન કર્મચારીનું મોત

અમદાવાદઃ પાટણના એક મતદાન કેન્દ્ર પર જ એક વૃદ્ધ મતદારને હાર્ટ એટેક આવ્યો હતો. જ્યારે પેટલાદના સાંસેજ ગામના બુથ પર ફરજ પરના કર્મચારીનું મોત નીપજ્યું હતું.

આ બનાવ અંગે મળતી માહિતી મુજબ પાટણની બી.એમ. હાઈસ્કૂલ ખાતેના મતદાન કેન્દ્ર પર એક વૃદ્ધ મતદારનું ચાલુ મતદાન દરમિયાન મોત નીપજ્યું છે. 65 વર્ષીય કમળાબેન અનિલકુમાર સોલંકી પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા માટે કેન્દ્ર પર પહોંચ્યા હતા. જ્યાં મતદાન કરી બહાર નીકળી રહ્યા હતા ત્યાં જ તેમને અચાનક હાર્ટ એટેક આવતા તેઓ ઢળી પડ્યા હતા. આ ઘટનાને પગલે મતદાન કેન્દ્ર પર હાજર અધિકારીઓ અને અન્ય મતદારોમાં દોડધામ મચી ગઈ હતી. આ કરૂણ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં તથા સોલંકી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

બીજી તરફ આણંદના પેટલાદના સાંસેજ ગામના બુથ પર ફરજ પરના કર્મચારીનું મોત નીપજ્યું છે. સાંસેજ ગામે પેટલાદ તાલુકા પંચાયતની ચૂંટણી માટેનું મતદાન ચાલી રહ્યું હતું. સાંસેજ ગામના બુથ ન.૧ પરના કર્મચારી અમિત વિઠ્ઠલભાઈ સોલંકીનું હાર્ટ એટેકથી મોત નીપજ્યું છે. અમિત સોલંકી સાંસેજ ગ્રામપંચાયતમાં પટાવાળા તરીકે ફરજ બજાવતા હતા. ગ્રામજનો દ્વારા તાબડતોબ તારાપુર સરકારી હોસ્પિટલ ખાતે ખસેડાયા છે. ફરજ પરના ડોક્ટર દ્વારા તપાસ બાદ મૃત જાહેર કરાયા છે.

# અમિત શાહ, સીએમ ભૂપેન્દ્ર પટેલનું મતદાન

## \S - આનંદીબેન પટેલ સહિતના દિગ્ગજો ચૂંટણી પર્વમાં જોડાયા



ગાંધીનગર : ગુજરાતમાં આજે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના માહોલ વચ્ચે રાજ્યના અને કેન્દ્રના અનેક દિગ્ગજ નેતાઓએ સામાન્ય નાગરિકની જેમ મતદાન મથકો પર પહોંચીને પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહથી લઈને ઉત્તરપ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલે મતદાન કરી જનતાને લોકશાહી મજબૂત કરવા અપીલ કરી હતી.

**અમિત શાહે પરિવાર સાથે નારણપુરામાં કર્યું મતદાન**

ગાંધીનગર લોકસભા ક્ષેત્રના સાંસદ અને કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રી અમિત શાહે અમદાવાદના નારણપુરા સબ ઝોનલ ઓફિસ ખાતે સપરિવાર મતદાન કર્યું હતું. તેમની સાથે તેમના પત્ની સોનલબેન શાહ, પુત્ર જય શાહ અને પુત્રવધૂ રિશિતા શાહ પણ ઉપસ્થિત રહ્યા હતા. મતદાન મથક પર ઉમટેલી જનમેદનીએ તેમનું ભવ્ય સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે તેમણે 'વોટ ફોર ડેવલપમેન્ટ' અને 'વોટ ફોર સ્ટેબિલિટી'નો મંત્ર આપતા નાગરિકોને શાંતિ, સલામતી અને સમૃદ્ધિ માટે મતદાન કરવા આહવાન કર્યું હતું.

સીએમ ભૂપેન્દ્ર પટેલે રાજ્યના મુખ્યમંત્રીએ અમદાવાદના શીલજ ખાતે પરિવાર સાથે મતદાન કર્યું હતું. તેમણે જણાવ્યું કે જનતાનો પ્રત્યેક મત ગુજરાતની વિકાસની ગતિને નવી ઊંચાઈએ લઈ જશે.

પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા એટલે કે ભાજપા પ્રદેશ પ્રમુખે વહેલી સવારે પરિવાર સાથે મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. તેમણે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને વિકાસનો પાયો ગણાવી વધુમાં વધુ મતદાન કરવા વિનંતી કરી હતી.

નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ સુરત ખાતે સપરિવાર મતદાન કરી લોકશાહીના આ મહાપર્વમાં પોતાની ભાગીદારી નોંધાવી હતી.

ઉત્તરપ્રદેશના રાજ્યપાલ અને ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ ખાસ મતદાન કરવા માટે શીલજ પહોંચ્યા હતા. અન્ય કાર્યક્રમોમાં વ્યસ્ત હોવા છતાં તેઓ બપોરે કાળઝાળ ગરમી વચ્ચે મતદાન કરવા આવ્યા હતા. તેમણે મીડિયા સાથે વાતચીતમાં જણાવ્યું હતું કે, "મતદાન કરવું જરૂરી છે, જે મતદાન નથી કરતા તેઓ અપરાધ કરે છે. મતદાન દેશ માટે છે, કોઈ વ્યક્તિ માટે નથી. આ માત્ર હક નથી પણ એક નૈતિક જવાબદારી છે."

# અમદાવાદ કુબેરનગરમાં મતદાન દરમિયાન ભાજપ-કોંગ્રેસના કાર્યકરો વચ્ચે મારામારી

## બોગસ વોટિંગ થઈ રહ્યું હોવાના આક્ષેપો બાદ ઘર્ષણ

અમદાવાદઃ રાજ્યમાં ચાલી રહેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના માહોલ વચ્ચે અમદાવાદના કુબેરનગર વોર્ડમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ સર્જાઈ હતી. મતદાન દરમિયાન ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો તેમજ તેમના સમર્થકો સામસામે આવી જતાં મામલો બિચક્યો હતો અને ઘર્ષણના દ્રશ્યો સર્જાયા હતા.

આ અંગે મળતી માહિતી મુજબ, કુબેરનગરની વી.વી. તોમર સ્કૂલ ખાતે ઊભા કરવામાં આવેલા મતદાન મથકમાં બોગસ વોટિંગ થઈ રહ્યું હોવાના આક્ષેપો સાથે વિવાદની શરૂઆત થઈ હતી. આ બાબતે ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો એકબીજા પર આક્ષેપ-પ્રતિઆક્ષેપ કરતા આમને-સામને આવી ગયા હતા. હાથાપાઈ પર ઉતરી પડ્યા હતા. તો બીજી બાજુ ઉમેદવારો અને તેમના સમર્થકોને મતદાન મથકની અંદર પ્રવેશતા અટકાવવામાં આવ્યા. આ મુદ્દે કાર્યકરોનો પિત્તો ગયો હતો અને સ્થળ પર હાજર પોલીસ જવાનો સાથે પણ તેમની ઉગ્ર બોલાચાલી અને ઘર્ષણ થયું હતું. જોતજોતામાં જ મતદાન મથક બહાર મોટી સંખ્યામાં ટોળું એકત્ર થઈ ગયું હતું અને વાતાવરણ તંગ બની ગયું હતું.

આ ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખીને ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે પોલીસની વધુ ટૂકડીઓને તૈનાત કરી દેવામાં આવી હતી. ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાતા સમગ્ર મામલો થાળે પડ્યો હતો.

## ૯૭ વર્ષની વયે લાકડીના ટેકે મતદાન

સુરતઃ લોકશાહીનાં સૌથી મોટા પર્વ તરીકે ઓળખાતી ચૂંટણી દરમિયાન મતદાનને લઈને સુરત શહેરમાં જાગૃતિ અને ઉત્સાહભર્યા દ્રશ્યો જોવા મળ્યા હતા. વેસુ સ્થિત સેન્ટ થોમસ શાળાના મતદાન મથક પર આજે વહેલી સવારે એક પ્રેરણાદાયક ઘટના સામે આવી હતી. ૯૭ વર્ષીય વૃદ્ધ લક્ષ્મીકાંતભાઇ ચાંડકે લાકડીના ટેકે મતદાન કરવા માટે પહોંચીને પોતાની નાગરિક તરીકેની ફરજ નિભાવી હતી. ઉંમરના આ પડાવ પર પણ તેમનો લોકશાહી પ્રત્યેનો વિશ્વાસ અને જવાબદારીની ભાવના પ્રશંસનીય રહી હતી.

# અમદાવાદના દાણીલીમડામાં ભાજપ ઉમેદવાર પર હુમલો

## સરખેજની ડાયમંડ રાહેલ સ્કૂલ ખાતે ભાજપ-કોંગ્રેસ કાર્યકરો વચ્ચે અથડામણ

અમદાવાદ : અમદાવાદ મનપાની ચૂંટણીના મતદાનના દિવસએ આજે શહેરમાં અનેક સ્થળોએ હિંસા અને તણાવની ઘટનાઓ સામે આવી છે. શહેરના દાણીલીમડા વિસ્તારમાં મતદાન દરમિયાન બપોરના સમયે થયેલા ઘર્ષણમાં ભાજપના ઉમેદવાર વિનોદચંદ્ર ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે.

આ અંગે મળતી માહિતી મુજબ દાણીલીમડાની એમ.એસ. પબ્લિક શાળા ખાતે મતદાન પ્રક્રિયા દરમિયાન રાજકીય જૂથો વચ્ચે અથડામણ સર્જાઈ હતી. આ દરમિયાન વિનોદચંદ્ર પર હુમલો થતા તેમને ગંભીર ઈજા પહોંચી હતી. ઘટના બાદ તેમને તાત્કાલિક એલ.જી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં છેલ્લા બે કલાકથી તેઓ બેભાન છે. તેમની સારાવાર ચાલી રહી છે.

આ ઘટનાને પગલે વિસ્તારમાં તંગદિલીનો માહોલ ફેલાઈ ગયો છે, પરિણામે કાયદો-વ્યવસ્થા જાળવવા માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

બીજી તરફ, શહેરના સરખેજ વોર્ડમાં પણ મતદાન દરમિયાન ભારે હોબાળો થયો હતો. ડાયમંડ રાહેલ સ્કૂલ ખાતે ભાજપ અને ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ (કોંગ્રેસ) ના કાર્યકરો વચ્ચે અથડામણ સર્જાઈ હતી, જેના કારણે મતદાન પ્રક્રિયામાં વિક્ષેપ પડ્યો હતો.

કોંગ્રેસે આરોપ લગાવ્યો છે કે ભાજપના કાર્યકરોએ બૂથ નંબર 69થી 72 પર કોંગ્રેસના ટેબલ પર તોડફોડ કરી, મતદાર યાદી ફાડી નાખી અને મતદારોને ધમકાવ્યા હતા. સાથે જ બોગસ વોટિંગના પ્રયાસો અને જાતિવાદી ટિપ્પણીઓના પણ આક્ષેપો કરવામાં આવ્યા છે.

આ ઘટનાક્રમ દરમિયાન પોલીસને અનેક વખત જાણ કરવામાં આવી હોવા છતાં સમયસર પોલીસ આવી ન હતી, જેના કારણે પરિસ્થિતિ વધુ બગડી હતી. આ સમગ્ર ઘટનાનો વીડિયો પણ સામે આવ્યા છે, જેમાં તોડફોડની ઘટના જોવા મળે છે.

## અનુસંધાન... પાના પહેલાનું

**રાજ્યમાં સ્થાનિક...**

### મનપામાં નીરસતા, પંચાયતોમાં જોર

સાંજે ૬ વાગ્યા સુધીના આંકડા મુજબ, ૧૫ મહાનગરપાલિકાઓમાં સરેરાશ ૪૮.૫૫% મતદાન નોંધાયું છે.

- મનપા - ક્યાં વધુ મતદાન - વાપી (૬૫.૬૮%), નવસારી (૫૯.૬૮%), મોરબી (૫૮.૭૫%)
- મનપા - ક્યા ઓછું મતદાન ગાંધીધામ (૩૯.૮૫%), પોરબંદર (૪૧.૬૭%), રાજકોટ (૪૫.૨૧%)
- પંચાયતો: તાલુકા પંચાયતોમાં ૬૧.૩૪% અને જિલ્લા પંચાયતોમાં ૬૦.૬૮% સાથે ગ્રામીણ મતદારોમાં વધુ ઉત્સાહ જોવા મળ્યો હતો.

**તેલંગાણામાં કોચમાંથી...**

2026ના રોજ હૈદરાબાદથી રવાના થઈ હતી, તેને દક્ષિણ મધ્ય રેલવેના સિકંદરાબાદ ડિવિઝનના આલેર રેલવે સ્ટેશન પર 19:47 કલાકે એસ5 કોચમાં બ્રેક બાઈન્ડિંગને કારણે રોકવામાં આવી હતી." નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે, કોચના વ્હીલમાં ધુમાડો અને તણખા જોવા મળ્યા હતા, જેને રેલવે સ્ટાફ દ્વારા તાત્કાલિક ઓલવી દેવામાં આવ્યા હતા. ટ્રેનોમાં બ્રેક બાઈન્ડિંગ ત્યારે થાય છે જ્યારે બ્રેક પેડ્સ વ્હીલ્સ સાથે ચોંટી જાય છે અને બ્રેક છોડ્યા પછી પણ તે પૂરેપૂરી રીતે છૂટા પડતા નથી. આના કારણે વ્હીલ્સ ઘસડાય છે, જેના પરિણામે ધુમાડો, તણખા, બળવાની ગંધ અને કેટલાક કિસ્સાઓમાં વ્હીલ્સ પર સપાટ ડાઘા પડી જાય છે.

**સખત ગરમીનો...**

વીજ મંત્રાલયના ૨૭૦ ગીગાવોટના અંદાજ તરફ આગળ વધી રહી છે. ભારતીય હવામાન વિભાગ (IMD) ના જણાવ્યા અનુસાર, કેટલાક પ્રદેશોમાં તાપમાન સામાન્ય કરતા ૫ ડિગ્રી સેલ્સિયસ કે તેથી વધુ નોંધાયું છે, જે દેશના વિવિધ ભાગોમાં હીટ સ્ટ્રેસની વિકસતી સ્થિતિ સૂચવે છે. એપ્રિલ મહિનામાં તાપમાનની સાથે દેશમાં વીજળીની માંગમાં પણ વધારો થયો છે. ૨૨ એપ્રિલે વીજળીનો સર્વોચ્ચ પુરવઠો ૨૩૯.૭૦ ગીગાવોટ હતો જે ૨૩ એપ્રિલ, ૨૦૨૬ના રોજ વધીને ૨૪૦.૧૨ ગીગાવોટ થયો હતો. આ મહિનાના પ્રથમ પખવાડિયામાં, વીજળીની મહત્તમ માંગ એપ્રિલ ૨૦૨૫માં નોંધાયેલા ૨૩૫.૩૨ ગીગાવોટ કરતા ઓછી રહી હતી. નિષ્ણાતોનું માનવું છે કે તીવ્ર હીટવેવને કારણે વીજળીની માંગ અને વપરાશમાં હજુ પણ વધારો થઈ શકે છે, કારણ કે વધતા તાપમાનથી બચવા માટે ઘરેલુ અને વ્યાપારી ગ્રાહકો દ્વારા એર કંડિશનર, એર કુલર અને અન્ય ઉપકરણોનો વધુ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. હવામાન વિભાગે આ વર્ષે આકરા ઉનાળાની આગાહી કરી છે. ગયા ઉનાળામાં, જૂન ૨૦૨૫માં વીજળીની મહત્તમ માંગ ૨૪૨.૭૭ ગીગાવોટ નોંધાઈ હતી, જે સરકારના ૨૭૭ ગીગાવોટના અંદાજ કરતા ઓછી રહી હતી. મે ૨૦૨૪માં, વીજળીની મહત્તમ માંગ ૨૫૦ ગીગાવોટ હતી, જે તે સમયે એક રેકોર્ડ હતો અને સપ્ટેમ્બર ૨૦૨૩માં સ્થાપિત ૨૪૩.૨૭ ગીગાવોટના અગાઉના ઓલ-ટાઈમ પીકને વટાવી ગયો હતો.

**હુમલાખોર ટ્રમ્પ અને...**

મુસાફરી કરી હતી, જ્યાં તાજેતરના દિવસોમાં તેણે એ જ હોટલમાં ગેસ્ટ તરીકે ચેક-ઈન કર્યું હતું જ્યાં શનિવારે રાત્રે વોશિંગ્ટનની સૌથી ભવ્ય ઇવેન્ટ્સમાંની એક યોજાઈ રહી હતી. બંદૂકધારીના ઈલેક્ટ્રોનિક ઉપકરણો અને તેના લખાણોની પ્રાથમિક તપાસ કરનારા કાયદા અમલીકરણ અધિકારીઓ માને છે કે તેનો ઈરાદો ડિનરમાં હાજર વહીવટીતંત્રના સભ્યોને નિશાન બનાવવાનો હતો. તેણે વોશિંગ્ટન હિલ્ટનના વિશાળ બોલરૂમમાં ઘૂસી જવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ અરાજકતાભર્યા દ્રશ્યો વચ્ચે તેને જમીન પર પછાડી દેવામાં આવ્યો હતો, જેમાં ગોળીબાર થયો હતો, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને ઉતાવળે સ્ટેજ પરથી હટાવવામાં આવ્યા હતા અને મહેમાનો પોતાના ટેબલ નીચે છુપાઈ ગયા હતા. બ્લેન્ચે NBC ના મીટ ધ પ્રેસ કાર્યક્રમમાં જણાવ્યું હતું કે, એવું લાગે છે કે તેણે ખરેખર વહીવટીતંત્રમાં કામ કરતા લોકોને નિશાન બનાવવાનું નક્કી કર્યું હતું, જેમાં સંભવતઃ પ્રમુખનો પણ સમાવેશ થાય છે. બ્લેન્ચે કહ્યું કે શંકાસ્પદ વ્યક્તિએ તેની પાસે રહેલા હથિયારો છેલ્લા બે વર્ષમાં ખરીદ્યા હોવાનું મનાય છે. તે તપાસમાં સહકાર આપી રહ્યો નથી અને સોમવારે તેની સામે ગંભીર આરોપો ઘડવામાં આવે તેવી શક્યતા છે.

**મોટા કામ કરનારાઓ...**

એકદમ સામાન્ય જીવન જીવું છું, જોકે આ જોખમી જીવન છે. મને લાગે છે કે હું તેને જેટલી સારી રીતે હેન્ડલ કરી શકાય તેટલી સારી રીતે કરી રહ્યો છું. તેમણે ઉમેર્યું કે, તે રૂમમાં રિપબ્લિકન, ડેમોક્રેટ્સ, અપક્ષો, રૂઢિચુસ્તો અને ઉદારવાદીઓ... દરેક જણ હતા, એક વિશાળ અને રેકોર્ડબ્રેક ભીડ હતી. શનિવારે રાત્રે વ્હાઇટના વાર્ષિક રાત્રિભોજન દરમિયાન બોલરૂમની બહાર ગોળીબારની ઘટના બન્યા બાદ, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને યુનાઇટેડ સ્ટેટ્સના અન્ય ટોચના નેતાઓને ત્યાંથી સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા. આ ઘટના બાદ ટ્રમ્પે વ્હાઇટ હાઉસ ખાતે પત્રકારોને સંબોધિત કર્યા હતા.

બે કાયદા અમલીકરણ અધિકારીઓએ 'ધ એસોસિએટેડ પ્રેસ' ને જણાવ્યું હતું કે, ગોળીબારના શંકાસ્પદ વ્યક્તિની ઓળખ કેલિફોર્નિયાના ટોરેન્સના ૩૧ વર્ષીય કોલ ટોમસ એલન તરીકે થઈ છે. ટ્રમ્પે જણાવ્યું હતું કે સિક્રેટ સર્વિસ દ્વારા પકડવામાં આવ્યો તે પહેલા શંકાસ્પદ વ્યક્તિ પાસે અનેક હથિયારો હતા. એક અધિકારી પર ગોળી ચલાવવામાં આવી હતી, પરંતુ બુલેટપ્રૂફ વેસ્ટ (જેકેટ) ને કારણે તેનો બચાવ થયો હતો. ટ્રમ્પે કહ્યું, તેના પર ખૂબ જ નજીકથી એક શક્તિશાળી બંદૂકથી ગોળી ચલાવવામાં આવી હતી, અને વેસ્ટે તેનું કામ કર્યું.

**વ્હાઇટ હાઉસમાં...**

જોવા મળ્યા હતા, જેઓ વોશિંગ્ટન હિલ્ટન ખાતેના આ મુખ્ય કાર્યક્રમમાં પોતાનો શો રજૂ કરવાના હતા. સિક્રેટ સર્વિસના અધિકારીઓ અને અન્ય સુરક્ષા કર્મચારીઓએ પ્રમુખ, ફર્સ્ટ લેડી મેલાનિયા ટ્રમ્પ, ઉપપ્રમુખ જે.ડી. વેન્સ અને સેકન્ડ લેડી ઉષા વેન્સને સુરક્ષા કવચ પૂરું પાડ્યું હતું અને તેમને બોલરૂમની બહાર લઈ ગયા હતા. કેલિફોર્નિયાના ૩૧ વર્ષીય શંકાસ્પદની ઓળખ કોલ ટોમસ એલન તરીકે થઈ છે, જેની ધરપકડ કરવામાં આવી છે. રાત્રિભોજનમાં હાજર રહેલા અનેક મહેમાનો, જેમાં તમામ રાજકીય પક્ષોના નેતાઓ, પત્રકારો અને અન્ય આમંત્રિતોનો સમાવેશ થાય છે, તેઓ ગોળીબારના અવાજ પછી બચવા માટે ટેબલ નીચે છુપાઈ ગયા હતા. હિંમત બતાવતા પ્રમુખ ટ્રમ્પે પાછળથી 'ટ્રુથ સોશિયલ' પર જાહેરાત કરી હતી કે આ ડિનર આગામી ૩૦ દિવસમાં ફરીથી યોજવામાં આવશે. ડિનરમાં હાજર રહેલા સી-સ્પેન(C-SPAN)ના એક પત્રકારે જણાવ્યું હતું કે, મને માત્ર 'બૂમ, બૂમ, બૂમ' જેવો અવાજ સંભળાયો અને ઘણા મહેમાનો ટેબલ નીચે સંતાઈ ગયા હતા.\ ઘટનાના કલાકો પછી, ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાં એક પત્રકાર પરિષદને સંબોધિત કરી અને જાહેરાત કરી કે સુરક્ષા કર્મચારીઓએ કેલિફોર્નિયાની એક વ્યક્તિની ધરપકડ કરી છે. ટ્રમ્પે પત્રકારોને ઘટના વિશે જણાવતા કહ્યું કે, મેં એક અવાજ સાંભળ્યો અને મને લાગ્યું કે કદાચ કોઈ થાળી નીચે પડી હશે. મેં આવું ઘણી વાર સાંભળ્યું છે. તે ખૂબ મોટો અવાજ હતો અને તે થોડે દૂરથી આવ્યો હતો. હુમલાખોર આ વિસ્તાર સુધી પહોંચી શક્યો નહોતો. સુરક્ષાકર્મીઓએ તેને ઝડપી લીધો હતો. ટ્રમ્પે વધુમાં જણાવ્યું કે એક સુરક્ષા અધિકારીને ગોળી વાગી હતી પરંતુ બુલેટપ્રૂફ જેકેટ પહેરેલું હોવાથી તેમનો બચાવ થયો હતો. હોટલની બહાર રસ્તા પર અનેક પ્રદર્શનકારીઓ એકઠા થયા હતા, જેઓ ટ્રમ્પ વહીવટીતંત્ર અને સંરક્ષણ સચિવ પીટ હેગસેથ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા. વોશિંગ્ટન હિલ્ટનના બોલરૂમની બહાર હાજર સીએનએનના એક પત્રકારે જણાવ્યું કે તેણે બંદૂકધારીને થોડા ફૂટ દૂર જ ગોળીબાર કરતા જોયો હતો.

**અમેરિકા-ઇરાન...**

સ્પીકર મોહમ્મદ બાઘેર ગાલિબાફ કરી રહ્યા હતા વચ્ચે થયેલી ઐતિહાસિક રૂબરૂ મુલાકાત બાદ યોજાવાની હતી. પરંતુ ઈરાની અધિકારીઓએ પ્રશ્ન ઉઠાવ્યો છે કે તેઓ અમેરિકા પર કેવી રીતે વિશ્વાસ કરી શકે, કારણ કે 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' પર ઈરાનના નિયંત્રણના જવાબમાં અમેરિકી દળોએ ઈરાની બંદરોની નાકેબંધી શરૂ કરી દીધી છે. પાકિસ્તાની અધિકારીઓએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી શનિવારે સાંજે પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદથી ઓમાન જવા રવાના થયા હતા. ઓમાન એવું રાષ્ટ્ર છે જેણે ભૂતકાળમાં શાંતિ મંત્રણામાં મધ્યસ્થી કરી છે. ઈરાનની સરકાર સંચાલિત ન્યૂઝ એજન્સી IRNAના અહેવાલ મુજબ, અરાઘચીએ જણાવ્યું હતું કે તેઓ રશિયા જતાં પહેલા રવિવારે ફરી પાકિસ્તાન પરત ફરશે. અરાઘચીએ સોશિયલ મીડિયા પર પોતાની પાકિસ્તાન મુલાકાત અંગે લખ્યું, ઈરાન પરના યુદ્ધને કાયમી ધોરણે સમાપ્ત કરવા માટેના વ્યવહારુ માળખા અંગે ઈરાનનું વલણ સ્પષ્ટ કર્યું છે. અમેરિકા મુત્સદ્દીગીરી બાબતે ખરેખર ગંભીર છે કે નહીં તે જોવાનું બાકી છે. ગયા અઠવાડિયે ટ્રમ્પે ઈરાન સાથેના યુદ્ધવિરામને અનિશ્ચિતકાળ માટે લંબાવવાની જાહેરાત કરી હતી. જોકે લડાઈ મોટે ભાગે અટકી ગઈ છે, પરંતુ બે મહિનાથી ચાલી રહેલા આ યુદ્ધને કારણે આર્થિક નુકસાન વધી રહ્યું છે, કારણ કે 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' ના માર્ગો લગભગ બંધ હોવાને કારણે તેલ, લિક્વિફાઈડ નેચરલ ગેસ, ખાતર અને અન્ય પુરવઠાના વૈશ્વિક પરિવહનમાં અવરોધ ઉભો થયો છે. બંને પક્ષો સતત લશ્કરી ધમકીઓ આપી રહ્યા છે. ઈરાનના સંયુક્ત સૈન્ય કમાન્ડે શનિવારે ચેતવણી આપી હતી કે જો અમેરિકા તેની નૌકા સૈન્ય નાકેબંધી અને ચાંચિયાગીરી જેવી આક્રમક સૈન્ય કાર્યવાહી ચાલુ રાખશે, તો તેણે સખત પ્રતિસાદનો સામનો કરવો પડશે. શનિવારની ઘટનાઓ પહેલા જ ઈરાનના વિદેશ મંત્રાલયે કહ્યું હતું કે કોઈપણ વાતચીત પરોક્ષ હશે અને પાકિસ્તાની અધિકારીઓ તેમાં મધ્યસ્થી તરીકે કામ કરશે.બાદમાં ટ્રમ્પે પત્રકારોને જણાવ્યું હતું કે, તેમના દૂતો – સ્ટીવ વિટકોફ અને જેરેડ કુશનરનો પાકિસ્તાન પ્રવાસ રદ કર્યાની ૧૦ મિનિટમાં જ ઈરાને વધુ સારો પ્રસ્તાવ મોકલ્યો હતો. તેમણે આ અંગે વધુ વિગતો આપી ન હતી પરંતુ ભારપૂર્વક કહ્યું હતું કે તેમની એક શરત એ છે કે ઈરાન પાસે ક્યારેય પરમાણુ હથિયાર નહીં હોય.

**આજે ભારત,...**

વર્ષ સુધીના રોકાણની મંજૂરી મળશે. આમાં IT, એન્જિનિયરિંગ, હેલ્થકેર, શિક્ષણ અને પરંપરાગત ક્ષેત્રો જેવા કે યોગ અને રસોઈના નિષ્ણાતોનો સમાવેશ થાય છે. ભારતની ફાર્મા અને મેડિકલ ડિવાઈસ કંપનીઓને US FDA, EMA (યુરોપ) અને MHRA (UK) જેવા નિયમનકારોના અહેવાલોના આધારે ન્યુઝીલેન્ડમાં ઝડપી મંજૂરી અપાશે. ન્યુઝીલેન્ડ ભારતીય ખેડૂતોની ઉત્પાદકતા વધારવા માટે કૃષિ-ટેકનોલોજી એક્શન પ્લાન સ્થાપિત કરશે, જેમાં સેન્ટર ઓફ એક્સેલન્સ અને ટેકનિકલ સપોર્ટનો સમાવેશ થાય છે. આ કરાર ભારતીય નિકાસકારોને વૈશ્વિક અનિશ્ચિતતાઓના સમયમાં ઓશનિયા ક્ષેત્રમાં તેમની નિકાસમાં વૈવિધ્ય લાવવામાં મદદ કરશે. ભારત અત્યાર સુધીમાં ઓસ્ટ્રેલિયા, યુકે, EFTA બ્લોક, UAE, ઓમાન, મોરેશિયસ અને યુરોપિયન યુનિયન (વાટાઘાટો પૂર્ણ) સાથે મુક્ત વેપાર કરાર કરી ચૂક્યું છે. ન્યુઝીલેન્ડ સાથેના આ કરાર બાદ, ભારત હવે 'ફાઈવ આઈઝ' (FVEY) જૂથના ત્રણ સભ્યો - ઓસ્ટ્રેલિયા, યુકે અને ન્યુઝીલેન્ડ - સાથે FTA ધરાવે છે. વર્ષ ૨૦૨૪-૨૫માં ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર ૧.૩ અબજ ડોલર રહ્યો હતો, જ્યારે સેવાઓ સહિત કુલ વેપાર ૨.૪ અબજ ડોલરને વટાવી ગયો હતો.